ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૮૧ ટકા

# શહેરમાં ગંદકીથી મચ્છરોનો વધતો ઉપદ્રવ

## ગંદકી, અસ્વચ્છતા, કાદવ-કીચડ, રોગચાળો વધવાથી ગ્રીનસીટીમાં સ્વચ્છતાના નામે મીંડું







ગાંધીનગર, તા.૨૪

અસ્વચ્છતા, ગંદકી, દુર્ગંધ આપણા શહેરની એક મોટી સમસ્યા છે. આ માટેના જવાબદાર પરિબળો શહેરના નાગરિકોની સ્વચ્છતા માટેની જાગૃતતાનો અભાવ તેમજ શિક્ષણનો અભાવ છે.

દરેક સેકટરોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શૌચાલયની સુવિધાઓ મુકવામાં આવી છે છતાં જનતા તેનો ઉપયોગ ન કરતા ખુલ્લામાં શૌચક્રિયા કરે છે. કચરો ગમે ત્યાં ગમે તેમ ફેંકવો, ગમે ત્યાં થુંકવું, પાન-મસાલાના કે માવાના પાઉચ કે કાગળો ગમે ત્યાં ફેંકવા, કેળા ખાઈ તેની છાલ રોડ પર ગમે ત્યાં ફેંકવી વગેરે રોજબરોજની સામાન્ય બાબત બની ગઈ છે. આવી પરિસ્થિતિમાં શહેર સ્વચ્છ કઈ રીતે રાખી શકાય?

ચોમાસાની સિઝનમાં ગંદકીની દહેશતથી વાહકજન્ય રોગચાળો ફેલાય છે. ડેન્ગ્યુ, ચિકનગુનિયા, મેલેરિયાનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે છતાં પણ ગંદકી અને અસ્વચ્છતાના પુરાવાઓ વધી રહ્યા છે. વરસાદના પાણીનો ભરાવો થયા બાદ તે પાણીનો ચોકકસ પણે નિકાલ થતો નથી. જેથી રોગચાળો ફેલાવાની ભીતી સેવાઈ રહી છે.

શહેરીજનો દ્વારા સ્વચ્છતાનું પાલન થઈ રહ્યું નથી. જેનું એક માત્ર ઉદાહરણ આ વાહકજન્ય રોગચાળો છે. કેટલીક મહિલાઓને પોતાનું ઘર સ્વચ્છ રાખવા માટે પાડોશીના ઘર તરફ કચરો અને ગંદકી ફેંકવાની કુટેવો છે જેના કારણે માત્ર ઘર સ્વચ્છ બને છે અને પોતાના ઘર સિવાય બધે જ કચરો અને ગંદકી આવી માનસકિતાથી સ્વચ્છતા અભિયાન સફળ થઈ રહ્યું નથી. માત્ર સરકાર અને જવાબદાર તંત્રને દોષ દેવાથી આ સમસ્યાનો ઉકેલ આવવાનો નથી. એક જવાબદાર નાગરિક તરીકે દરેક વ્યકિતએ સ્વચ્છતાનું પાલન કરવું જોઈએ.

ખાણી-પીણી બજારો, હોટલો, રેસ્ટોરેન્ટસ, સિનેમાઘરો, બગીચાઓ, મોલ, મલ્ટિપ્લેકસ, સચિવાલય, પાટનગર, ઉદ્યાનો વગેરે જાહેર સ્થળો પર જનતા દ્વારા સ્વચ્છતાનું પાલન કરવામાં આવતું નથી. કચરા પેટીના ડબ્બા મોટા ભાગના જાહેરસ્થળો પર મુકવામાં આવ્યા છે છતાં કચરાપેટીનો ઉપયોગ કરવામાં આવતો નથી. કચરો ફૂટપાથ, માર્ગો પર કચરાપેટીના ડબાની આસપાસ જોવા મળે છે. આ રીતે ગાંધીનગર સ્વચ્છ બનશે તેવા સપના જ જોવા રહ્યા. શાળા કોલેજોમાં બાળકો અને વિદ્યાર્થીઓને સ્વચ્છતાના પાઠ ભણાવવામાં આવે છે. જુદા જુદા કાર્યક્રમો કરવામાં આવે છે. સ્વચ્છ અભિયાન માટે રેલીઓ કાઢવામાં આવે છે તેમ છતાં કેટલાક અંશે આ બધા કાર્યક્રમો નિષ્ફળ નીવડી રહ્યા છે. નાગરિકોમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ જોવા મળી રહી નથી.

### કચરો લેવાવાળા તંત્રમાં ગડબડ ગોટાળા

તંત્ર દ્વારા ડોર ટુ ડોર કચરો લેવા વાહનો મુકવામાં આવ્યા છે પરંતુ આ વાહનચાલકો ઘણા બધા ઘરોમાંથી કચરો લીધા વગર પરત ફરી જતા હોય છે. સોસાયટીના ૫૩ મકાનો માંથી ૧૦ ઘરોમાંથી કચરો લેવાતો હોતો નથી. જાણે ટ્રેન છુટતી હોય તેમ ફટાફટ વાહન લઈને કચરા લેવાવાળા વાહન ચાલકો નીકળી જતા હોય છે. જેથી બાકી કચરો સ્થાનિકો દ્વારા ગમે તે જગ્યા ઉપર ફેંકવામાં આવતો હોય છે.

# આયુષ કચેરી દ્વારા નિઃશુલ્ક ઉકાળો અને દવાનું વિતરણ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લામાં વાહક જન્ય રોગચાળો ખૂબ જ વકર્યો છે. ઘેર ઘેર મલેરીયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસો વધી રહ્યા છે. ત્યારે નિયામકશ્રી, આયુષની કચેરી તરફથી મેલેરિયા નિર્મૂલન માટે દવાઓ ફાળવવામાં આવેલ છે. આ દવાઓ જિલ્લામાં આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગરના તાબાના ૧૭ આયુર્વેદ દવાખાના અને ૨ ઓપીડી - સેક્ટર -૨૯, સેકટર -૭, સિવિલ ઓપીડી, અમિયાપુર, પોર, કુડાસણ, જમિયતપુરા, ટીંટોડા, સરઢવ, દોલારાણા વાસણા,મગોડી, કલોલ સિવિલ, ઈસંડ, પરબતપુરા, રિદ્રોલ, ખાનપુર, પીપળજ, સીએચસી રખિયાલ, સીએચસી ચરાડામાં નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. જેમાં મહાસુદર્શન ઘનવટી અને સંશમની વટીનું વિતરણ કરવામાં આવશે. મહા સુદર્શન ઘનવટી અને સંશમની વટી નું એક સપ્તાહ નિયમિત સેવન કરવાથી વાહક જન્ય રોગો મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયાથી બચી શકાય છે. જિલ્લાના તમામ દવાખાનાઓમાં રોગપ્રતિરોધક શક્તિ વર્ધક ઉકાળા અને અન્ય તમામ રોગોથી બચાવ માટે દવાઓ ઉપલબ્ધ છે. તો આ દવાઓનો લાભ લેવા જિલ્લા આયુર્વેદ અધિકારીએ જાણ કરી છે.



વોર્ડ નં.૪ના કોંગ્રેસ ઉમેદવારો દ્વારા બોરીજ ગામથી ડોર ટુ ડોર પ્રચાર કરવામાં આવ્યો હતો. વોર્ડ નં.૪ કોંગ્રેસનો ગઢ ગણાય છે. વોર્ડના ઉમેદવારો રોશનબેન પરમાર, હસમુખકુમાર મકવાણા, લલિતાબેન ઠાકોર, રાકેશકુમાર વસૈયાએ પોતાના મતવિસ્તારમાં કોગ્રેસના કાર્યકરો તથા સ્થાનિક લોકો સાથે રહી મત આપવા માટેની અપીલ કરી હતી. જેમાં તમામ ઉમેદવારોને ફુલહાર, કંકુ તિલક કરીને ઉમળકાભેર આવકાર્યા હતા.

# સે-૨૬ જીઆઈડીસી ખાતે 'ડિજિટલ માર્કેટિંગ' વિષયે વર્કશોપ યોજાયો



ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના સેક્ટર-૨૬માં જી.આઈ.ડી.સી. ખાતે તા. ૨૨મી સપ્ટેમ્બરના રોજ ગ્રીન ફિલ્ડ કંટ્રોલ સિસ્ટમ ઈલેકટ્રોનિક એસ્ટેટ કંપનીમાં એડ્બ્લીટ્ઝ ક્રિએટીવ કોમ્યુનિકેશન સંસ્થા દ્વારા એક 'ડિજિટલ માર્કેટિંગ કોર્સ'ના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ફોરમ મારફતિયા અને એબીસી કંપનીની ટીમના પારસ ચાવડા, ઋષાલી, ભાગ્યશ્રી ઠાકર અને અન્ય ટીમ મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઈન્ડસ્ટ્રીઝ કમિશ્નરેટ, કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રાલય, સ્ત્રિનોવેશન, એફ.એમ. સ્ટાર્ટ-અપ ઈન્ડિયા, ડીડીયુ-જીકેવાય ગ્રીન ફિલ્ડ નોલેજ સેન્ટર જેવી વિવિધ મોટી સંસ્થાઓ ઈવેન્ટ પાર્ટનર તરીકે સંકળાઈ હતી. આ વર્કશોપમાં મોટી સંખ્યામાં એમ.બી.એ.ના વિદ્યાર્થીઓ તેમજ વ્યવસ્યાય સાથે સંકળાયેલા વિવિધ વેપારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# ઘ-૬ થી ગ-૬ વચ્ચે પગરવ હોસ્પિટલ પાસે ભૂવો પડયો



ગાંધીનગર, તા.૨૪

ઘ-૬ થી ગ-૬ વચ્ચે પગરવ હોસ્પિટલ પાસે ફૂટપાથ પર છેલ્લા ૧૫ દિવસથી ભૂવો પડયો છે. સ્માર્ટ સીટી ગાંધીનગરનું સરકારી તંત્ર નિંદ્રાધીન હોય તેવું જણાઈ રહ્યું છે. કોઈ આકસ્મિક ઘટના બને તેની તંત્ર રાહ જોઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. જનતા આવા કામો ઝડપથી થાય તેવું ઈચ્છી રહી છે.

# સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખની ગરબા સ્પર્ધા

ગાંધીનગર, તા.૨૪

સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખના પ્રમુખ પ્રવિણાબેન વોરા અને મહામંત્રી વિમળાબેન અયાચીના જણાવ્યા મુજબ તારીખ ૯ ઓકટોબર આસો સુદ ત્રીજ શનિવારે બપોરે ૨થી ૫ દરમિયાન બ્રહ્મભવન સે-૧૬ ખાતે ગરબા સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ૭ ઓકટોબર સુધીમાં નામ નોંધણી કરાવવાની રહેશે. તમામ વયસ્યક સ્પર્ધામાં ભાગ લઈ શકે છે અને દરેક સ્પર્ધકે કોવિડ વેકિસન લીધેલ હોવી જરુરી છે. આ સ્પર્ધામાં નામ નોંધણી માટે અંજનાબોન ગોર (૯૪૨૮૬ ૧૪૪૮૨), વિમળાબોના અયાચી (૯૪૨૬૩ ૫૬૦૧૭), નિશાબોન જોશી (૯૯૧૩૮ ૪૦૧૭૬), દિવ્યાબોન પંડયા (૯૪૨૭૬ ૨૨૧૫૯) નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે.

# સમર્પણ કોલેજ દ્વારા સેવાકાર્ય



ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા એનએસએસ સ્થાપના દિવસ અંતર્ગત કોલેજ દ્વારા સે-૧૬માં આવેલ અંધશાળા છાત્રાલયમાં વિદ્યાર્થીઓને જરૂરી સામગ્રીનું વિતરણ કરાયું હતું. આ પ્રોગ્રામનું આયોજન એનએસએસ યુનિટના તમામ સભ્યો તથા કોલેજના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલાએ કર્યું હતું.

# આજે જીવન વીમા નિગમ દ્વારા મેરેથોન દોડ

ગાંધીનગર, તા.૨૪

જીવન વીમા નિગમ દ્વારા આજરોજ સવારે છ વાગે પથિકાશ્રમ સર્કલ ખાતેથી રિલાયન્સ ચોકડી સુધી 'ફીટ ઈન્ડિયા માર્ચ' મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું છે.

# વિશ્વ પ્રસિદ્ધ ગાંધીનગરની કલાશ્રી ડોલ્સને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન

## જાણિતા વરિષ્ઠ સ્કલ્પ્ચર ડોલ્સ આર્ટિસ્ટ રંજનબેન ભટ્ટ અને તેમના પુત્ર હરિન ભટ્ટને અત્યાર સુધીમાં એક લાખ સોફ્ટ ડોલ્સ બનાવવાના વિશ્વવિક્રમ સર્જવા બદલ સન્માનિત કરાયા

ગાંધીનગર, તા.૨૪

સ્કલ્પ્ચર ડોલ્સ મેકિંગ ક્ષેત્રે છેલ્લાં ૬૦ વર્ષથી કાર્યરત અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જાણીતાં ગાંધીનગરના વરિષ્ઠ કલાકાર રંજનબેન ભટ્ટ તથા તેમના પુત્ર હરિનભાઈ ભટ્ટને આજે લંડન સ્થિત વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે તેમને આ સન્માન એક લાખથી પણ વધુ હસ્તનિર્મિત ડોલ્સ બનાવવાનો વિશ્વવિક્રમ કરવા બદલ આપવામાં આવ્યું હતું. આ સન્માનનું પ્રમાણપત્ર વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સના ગુજરાત ખાતેના પ્રેસિડેન્ટ એડવોકેટ અશ્વિન ત્રિવેદીના હસ્તે આપવામાં આવ્યું હતું. યોગાનુયોગ આજે રંજનબેન ભટ્ટનો ૭૯મો જન્મદિવસ પણ હતો.

ગાંધીનગરના સેકટર ૫-એમાં રહેતા રંજનબેન ભટ્ટની કલા યાત્રાનો પ્રારંભ ૧૯૬૦માં સુરેન્દ્રનગર ખાતે કોસ્ચ્યુમ ડિઝાઈનિંગ, હેન્ડ એમ્બ્રોડરી અને ડોલ મેકિંગના શિક્ષણ તેમજ તાલીમ પામ્યા બાદ પ્રારંભ થયો હતો. તેમણે પોતાના દિકરા હરિન ભટ્ટ સાથે મળીને કલાશ્રી નામની સંસ્થા શરુ કરી હતી જેણે આજે છ દાયકાની સંઘર્ષપૂર્ણ મજલ પૂર્ણ કરી છે અને તે સાથે તેમણે એક લાખ હસ્તનિર્મિત સોફ્ટ ડોલ બનાવવાનો વિશ્વવિક્રમ સ્થાપિત કર્યો છે. કલાશ્રી ડોલ્સની આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ માંગ છે તેમજ તે અજોડ ગણાય છે જેનું મુખ્ય કારણ એ છે કે તેઓ ભારતીય સંસ્કૃતિમાં પરંપરાગત પહેરવેશ વિવિધ ક્ષેત્રોના પાત્રો જાહેર ઉત્સવો તેમજ લોકજીવનને ધ્યાનમાં રાખીને અલગ અલગ થીમ આધારિત ૧૮૦ થી વધુ પ્રકારની ડોલ્સ બનાવી બનાવે છે જેની સાઈઝ એક ઈંચથી માંડીને લાઈફ સાઈઝ સુધીની હોય છે. ખૂબ જ આકર્ષક જીવંત અને આબેહૂબ લાગે તેવી ડોલ્સને ઘરસજાવટ ઉપરાંત પ્રસંગોપાત ભેટ કે સન્માન રૂપે આપવાનો ટ્રેન્ડ ચાલ્યો છે અને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી આ પ્રથા શરૂ કરવાનો યશ મા દીકરાની આ કલા બેલડીને ફાળે જાય છે.



### અત્યાર સુધીમાં ૮ હજારથી વધુ મહિલાઓને તાલીમ આપી

કલાશ્રીના ડોલ મેકીંગ અભિયાનમાં અત્યારે ૩૦થી વધુ મહિલાઓ જોડાયેલી છે પરંતુ અત્યાર સુધીમાં તેમણે ૮ હજારથી વધુ મહિલાઓને તેમના અભિયાન અંતર્ગત તાલીમ આપી ચુકી છે જે પૈકી ગાંધીનગરની ૪ હજારથી વધુ મહિલાઓનો સમાવેશ થાય છે. તેઓ તેમની ડોલ્સ માટે અલગ અલગ પ્રકારના ત્રણસોથી વધુ વસ્ત્રોની ડિઝાઈન તૈયાર કરી ચુક્યા છે જેમાં ભારતના વિવિધ પ્રાંતના પરંપરાગત પોશાકોનો સમાવેશ થાય છે. રાધાકૃષ્ણની થીમ તેમની વિશેષતા છે.

### હવે ટોય મ્યુઝિયમ માટે વિશેષ તૈયારીનો ધ્યેય

કલાશ્રી દ્વારા નિર્મિત ડોલ્સ ન્યુયોર્કના એડિશનની વિશ્વ ગુજરાતી કોન્ફરન્સમાં બેથી વધુ વખત પ્રસ્તુત થઈ ચુકી છે. વર્ષ ૨૦૦૬માં યુનેસ્કોનો કલાક્ષેત્રનો પુરસ્કાર પણ તત્કાલિન રાજ્યપાલ સુંદરસિંહ ભંડારીના હસ્તે રંજનબેનને એનાયત થયો હતો. તેમની ડોલ્સ ૨૦થી વધુ દેશોનાં ડોલ્સના શોખીનો ખરીદી ચુક્યા છે અને હવે આગામી સમયમાં તેઓ શાહપુર નજીક નિર્માણ પામી રહેલા વિશ્વના સૌથી વિશાળ ટોય મ્યુઝિયમમાં ચિલ્ડ્ર્ન્સ યુનિવર્સિટીના સહયોગથી વોકલ ફોર લોકલ અભિયાન અંતર્ગત સોફટ ડોલ્સના વિશેષ પ્રદર્શન માટે તૈયારીઓ કરી રહ્યાં છે.

# જન્મદિને વધામણી



મહેન્દ્ર એમ ત્રિવેદી
અધ્યાપક, નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ કો-ઓપરેટિવ મેનેજમેન્ટ
મો. ૯૯૨૪૫ ૪૯૭૪૯



ડો. દિલીપ મેવાડા



રાજવીરસિંહ ઈન્દ્રસિંહ બિહોલા
મો. ૭૮૭૪૮ ૬૦૭૮૧



પારૂલ મેહુલ પટેલ
મો. ૯૮૭૯૮ ૧૨૧૧૧



પ્રજ્ઞાબેન ઠક્કર
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



ચંદાબેન યાદવ
લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના



કે સી ભટ્ટ
મો. ૯૮૨૪૫ ૯૩૬૨૭



મનહરસિંહ
આશાપુરા જલસેવા
મો. ૭૦૪૬૨ ૨૯૬૦૧



કુંજેશ એન સોલંકી
મો. ૮૮૪૯૯ ૨૯૫૧૯



નિખિલભાઈ એસ. બક્ષી
મો. ૯૪૨૮૨ ૧૭૩૬૦



પૂર્ણા પંડ્યા



રોહિત દિનેશભાઈ પરમાર



પાર્થ બ્રહ્મભટ્ટ
યુથ રેડક્રોસ



હેઝલ



રાહુલ જી પટેલ
યુથ રેડક્રોસ



દિપીકાબેન લલીતભાઈ સુતરીયા

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પટેલ લાલજીભાઈ નાનજીભાઈ, ઉ.વ. ૭૩, સેકટર-૫
- સ્વ. રીંદાણી નૃપેન્દ્ર જુગતરાય, ઉ.વ. ૯૩, સેકટર-૨૨
- સ્વ. દરજી મધુબેન રમેશચંદ્ર, ઉ.વ. ૬૯, કોલવડા
- સ્વ. પરમાર વિજયાબેન બળદેવભાઈ, ઉ.વ. ૭૮, સેકટર-૮
- સ્વ. ધનાવડે નામદેવ સખારામ, ઉ.વ. ૫૮, સેકટર-૨૨
- સ્વ. પરમાર જયંતિભાઈ મુળજીભાઈ, ઉ.વ. ૭૦, રાંધેજા
- સ્વ. શાહ વીણાબેન ચીનુભાઈ, ઉ.વ. ૭૮, સેકટર-૨૫